'ધ હન્ડ્રેડ' ઓક્શન

સનરાઈઝર્સે અબરાર અહેમદને ખરીદતા વિવાદ

અબરારને 2.34 કરોડ રૂપિયામાં ખરીદ્યા બાદ કાવ્યા મારનની સનરાઈઝર્સ લીડ્સ ફ્રેન્ચાઈઝીનું એક્સ હેન્ડલ થોડા સમય માટે સસ્પેન્ડ થયું

નવી દિલ્હી, તા. 13: લંડનમાં આયોજિત 'ધ હન્ડ્રેડ' ટુર્નામેન્ટના પ્રથમ પુરુષ અને મહિલા ખેલાડીઓના ઓક્શનમાં પાકિસ્તાની ખેલાડીઓએ પર સૌનું ધ્યાન હતું. ઓક્શન પહેલા એવી ચર્ચા હતી કે આઈપીએલ સાથે સંબંધ ધરાવતી ટીમો પાકિસ્તાની ખેલાડીઓ પર બોલી નહીં લગાવે, પરંતુ પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને કાવ્યા મારનની 'સનરાઈઝર્સ લીડ્સે' 2,41,000 ડોલરમાં (આશરે 2.34 કરોડ રૂપિયા) સાઈન કર્યો હતો. નોંધપાત્ર છે કે, IPL લિંક ધરાવતી કોઈ ટીમે પાકિસ્તાની ખેલાડી પર બોલી લગાવી હોય તેવી આ પ્રથમ ઘટના છે. આ સોદાને કારણે સોશિયલ મીડિયા પર ભારે વિવાદ સર્જાયો હતો.

લોકોએ કાવ્યા મારનની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સની સોશિયલ મીડિયા પર આકરી ટીકા કરી હતી. એક્સ પર લોકોએ પોતાનો રોષ ઠાલવ્યાના થોડા સમય બાદ જ સનરાઈઝર્સ લીડ્સનું 'એક્સ' (ટ્વિટર) એકાઉન્ટ થોડા સમય માટે સસ્પેન્ડ થઈ ગયું હતું. જોકે એક્સ અને કાવ્યા મારનની સનરાઈઝર્સ ફ્રેન્ચાઈઝીએ આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી.

સન ગ્રુપ, જે IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદની માલિકી ધરાવે છે, તેણે ગયા વર્ષે જ 'નોર્ધન સુપરચાર્જર્સ' (હવે સનરાઈઝર્સ લીડ્સ) પર સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું હતું. આ ઓક્શનમાં સીઈઓ કાવ્યા મારન પોતે હાજર રહ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં રમાતી એસએ-20 લીગમાં સનરાઈઝર્સ ઈસ્ટર્નની માલિકી પણ આ જ ગ્રુપ પાસે છે પણ તે ટીમમાં કોઈ પાકિસ્તાની ખેલાડી નથી.

ઓક્શનમાં પાકિસ્તાનના કુલ 13 ખેલાડીઓ સામેલ હતા, જેમાંથી માત્ર બે ખેલાડીઓ પર બોલી લાગી હતી. અબરાર અહેમદ ઉપરાંત મિસ્ટ્રી સ્પિનર ઉસ્માન તારિકને બર્મિંગહામ ફોનિક્સ દ્વારા 1,78,000 ડોલરમાં ખરીદવામાં આવ્યો છે, જોકે આ ફ્રેન્ચાઈઝીનો ભારત સાથે કોઈ સંબંધ નથી. મહિલા ઓક્શનમાં પાકિસ્તાની ખેલાડી ફાતિમા સના અને સાદિયા ઈકબાલ અનસોલ્ડ રહી હતી.

27 વર્ષીય અબરાર અહેમદે પાકિસ્તાન માટે 38 ટી20 ઈન્ટરનેશનલ મેચોમાં 6.67ની શાનદાર ઈકોનોમી સાથે 52 વિકેટ ઝડપી છે. સમગ્ર ટી20 કરિયરની વાત કરીએ તો, તેના નામે 84 મેચમાં 109 વિકેટ છે.

વિદેશી લીગના નિર્ણયો સાથે અમારે લેવા-દેવા નથી, આ IPL નથી: બીસીસીઆઈ

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): 'ધ હન્ડ્રેડ' ઓક્શનમાં ભારતીય માલિકીની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સ દ્વારા પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને સાઈન કરવા પર BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ મહત્વનું નિવેદન આપ્યું છે. શુક્લાએ સ્પષ્ટતા કરી છે કે આ એક 'વિદેશી લીગ' છે અને તેમાં લેવાયેલા નિર્ણયો બોર્ડના અધિકારક્ષેત્રની બહાર છે. તેમણે જણાવ્યું કે, 'આ બાબત અમને અસર કરતી નથી, કારણ કે આ IPL નથી. વિદેશી લીગમાં શું થાય છે તેની સાથે અમારે કોઈ લેવાદેવા નથી.' નોંધનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજદ્વારી તણાવને કારણે 2009થી IPLમાં કોઈ પાકિસ્તાની ખેલાડી રમી રહ્યો નથી.

સબાલેન્કા અને સિનર બીએનપી પરીબસ સેમીફાઈનલમાં

એલેક્ઝાન્ડર ઝવેરેવ અને દાનિલ મેદવેદેવ પણ સેમીફાઈનલમાં

મહિલાઓમાં એલિના સ્વિતોલિના અને એલેના રિબાકિના સેમીફાઈનલમાં

ઈન્ડિયન વેલ્સ, તા. 13 (એપી): એરિના સબાલેન્કાએ બીએનપી પરીબસ ઓપન ક્વાર્ટર ફાઈનલમાં વિક્ટોરિયા એમબોકોને 7-6, 6-4 થી હરાવીને ઇન્ડિયન વેલ્સ ટેનિસ ખિતાબ તરફ વધુ એક ડગલું આગળ વધાર્યું છે.

પુરુષ વર્ગમાં યાનિક સિનર, એલેક્ઝાન્ડર ઝવેરેવ અને દાનિલ મેદવેદેવ પણ સેમીફાઈનલમાં પહોંચી ગયા છે. મેદવેદેવે અમ્પાયરના એક વિવાદાસ્પદ કોલનો ફાયદો ઉઠાવીને ગત ચેમ્પિયન જેક ડ્રેપરને 6-1, 7-5 થી હરાવ્યો હતો. હવે મેદવેદેવનો સામનો કાર્લોસ અલ્કારાઝ અથવા કેમેરોન નોરી સામે થશે, જ્યારે બીજી સેમીફાઈનલમાં સિનરની ટક્કર ઝવેરેવ સામે થશે.

સેમીફાઈનલમાં સબાલેન્કાનો મુકાબલો ચેક રિપબ્લિકની 14મી ક્રમાંકિત લિન્ડા નોસ્કોવા સામે થશે, જેણે ઓસ્ટ્રેલિયાની બિનક્રમાંકિત તાલિયા ગિબ્ઝનને 6-2, 4-6, 6-2થી પરાજય આપ્યો હતો. બીજી તરફ, યુક્રેનની 9મી ક્રમાંકિત એલિના સ્વિતોલિના પણ પોલેન્ડની બીજી ક્રમાંકિત ઇગા સ્વિટેકને 6-2, 4-6, 6-4થી હરાવીને સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. હવે તેનો સામનો એલેના રિબાકિના સામે થશે, જેણે અમેરિકાની જેસિકા પેગુલાને 6-1, 7-6 થી માત આપી હતી.

અમને કોઈ વર્લ્ડકપમાંથી બહાર ન કરી શકે: ટ્રમ્પના નિવેદન પર ઈરાન ફૂટબોલ ટીમનો વળતો પ્રહાર

જિનીવા, તા. 13 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પર આકરો પ્રહાર કરતા ઈરાનની નેશનલ ફૂટબોલ ટીમે સ્પષ્ટ કર્યું છે કે આગામી પુરુષ વર્લ્ડકપમાં રમતા તેમને 'કોઈ રોકી શકશે નહીં.'

ટ્રમ્પે અગાઉ ઈરાની ખેલાડીઓની સુરક્ષાની ખાતરી આપી શકાય તેમ નથી તેવું સૂચન કર્યું હતું, જેના જવાબમાં ઈરાન ટીમે ઈન્સ્ટાગ્રામ પર વળતો જવાબ આપતા કહ્યું કે જો યજમાન દેશ સુરક્ષા ન આપી શકતો હોય તો તેને જ બહાર કરી દેવો જોઈએ.

વર્લ્ડકપનું આયોજન અમેરિકા, મેક્સિકો અને કેનેડા દ્વારા સંયુક્ત રીતે થઈ રહ્યું છે. અમેરિકા-ઈઝરાયેલ સાથે ઈરાનમાં ચાલી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે ઈરાનની ભાગીદારી અંગે અનિશ્ચિતતા હતી, પરંતુ ટીમે સ્પષ્ટ કર્યું છે કે વર્લ્ડકપ એ FIFAની ઈવેન્ટ છે, કોઈ વ્યક્તિ કે દેશની નહીં. FIFA રેન્કિંગમાં 20મા ક્રમે રહેલું ઈરાન સતત ચોથી વાર વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું છે.

ટ્રમ્પે સુરક્ષા અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું

આ પહેલાં ગુરુવારે ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'ચાલુ યુદ્ધ છતાં ઈરાનની ટીમનું વર્લ્ડકપમાં સ્વાગત છે, પરંતુ મને ખરેખર નથી લાગતું કે તેમનું ત્યાં હોવું યોગ્ય છે. હું આ વાત તેમના પોતાના જીવન અને સુરક્ષા માટે કહી રહ્યો છું.' ટ્રમ્પે ગયા અઠવાડિયે એમ પણ કહ્યું હતું કે ઈરાન રમે કે નહીં તેની તેમને પરવા નથી, જોકે બાદમાં તેમણે FIFA પ્રમુખને ખાતરી આપી હતી કે ઈરાનની ટીમનું સ્વાગત છે.

ઈરાનનો વર્લ્ડકપ શિડ્યુલ (ગ્રુપ સ્ટેજ):

15 જૂન: વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ (ઈંગલવુડ, કેલિફોર્નિયા)
21 જૂન: વિરુદ્ધ બેલ્જિયમ (ઈંગલવુડ, કેલિફોર્નિયા)
26 જૂન: વિરુદ્ધ ઈજિપ્ત (સીએટલ)

સાત્વિક ઈજાગ્રસ્ત થતા ભારતીય જોડીએ સ્વિસ ઓપનમાંથી નામ પાછું ખેંચ્યુ

ક્વાર્ટર ફાઈનલમાં સાત્વિક અને ચિરાગનો મુકાબલો ડેનમાર્કની જોડી સામે હતો

બાસેલ, તા. 13 (પીટીઆઈ) સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી ભારતના સ્ટાર ખેલાડીઓ માટે માઠા સમાચાર આવ્યા છે. ભારતની ટોચની ક્રમાંકિત પુરુષ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ શુક્રવારે ક્વાર્ટર ફાઈનલ મેચ પહેલા ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચી લીધું છે. સાત્વિકને ખભાની જૂની ઈજામાં દુખાવો ઉપડતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જોડીનો સામનો ડેનમાર્કના ક્રિશ્ચિયન ફૈસ્ટ કજેર અને રાસ્મસ કજેર સામે થવાનો હતો. મલેશિયન કોચ ટેન કિમ હેરના જણાવ્યા અનુસાર, આ ઈજા વધુ પડતી રમતના કારણે થઈ છે અને તેને સાજા થવામાં ઓછામાં ઓછું એક અઠવાડિયું લાગશે. ઉલ્લેખનીય છે કે, 25 વર્ષીય સાત્વિક વિશ્વ બેડમિન્ટનમાં સૌથી ઝડપી સ્મેશ (565 કિ.મી. પ્રતિ કલાક) મારવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. ગુરુવારે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં જાપાનની જોડી સામે 74 મિનિટ સુધી ચાલેલી અત્યંત રસાકસી ભરી મેચમાં વિજય મેળવ્યા બાદ સાત્વિકની ઈજા વકરી હોવાનું મનાય છે. એશિયન ગેમ્સ ચેમ્પિયન સાત્વિક-ચિરાગ હવે 7થી 12 એપ્રિલ દરમિયાન યોજાનારી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. આ દરમિયાન, ભારતના તરુણ મન્નેપલ્લીનો સામનો ઈન્ડોનેશિયાના એન્થોની ગિન્ટિંગ સામે થશે.

ખેલ ભાવના કે દગો: મદદ કરવા ગયેલા આગાને બાંગ્લાદેશે રન-આઉટ કર્યો

આગાએ ગુસ્સામાં મેદાન પર જ હેલ્મેટ અને ગ્લવ્ઝ ફેંકી દીધા

ઢાકા, તા. 13: ઢાકાના મીરપુર સ્ટેડિયમમાં શુક્રવારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી વનડેમાં એક વિવાદિત ઘટના બની હતી.

પાકિસ્તાની ઈનિંગની 39મી ઓવરમાં સલમાન અલી આગા અને મોહમ્મદ રિઝવાન વચ્ચે 109 રનની ભાગીદારી ચાલી રહી હતી ત્યારે મેહદી હસન મિરાજના બોલ પર રિઝવાને સુરક્ષાત્મક સ્ટ્રોક રમી બોલને બોલર તરફ પાછો મોકલ્યો જે આગાના પેડથી અથડાઈ રોકાઈ ગયો, ખેલ ભાવના દેખાડતા આગાએ બોલ ઉંચકીને મિરાજને આપવાનો પ્રયાસ કર્યો જોકે, આ સમયે આગા ક્રિઝની બહાર હતો અને મિરાજે તક ઝડપીને બોલ પહેલા ઉંચકી લીધી અને તેને રન-આઉટ કરી દીધો. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર ભારે વિવાદ સર્જાયો હતો અને લોકોએ ખેલ ભાવના મરી પરવારી છે જેવી કમેન્ટ્સ કરી હતી.

નિયમ મુજબ બોલ તે સમયે ડેડ થયો ન હતો અને થર્ડ અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો, જેનાથી આગા અત્યંત ગુસ્સે ભરાયો હતો અને તેણે મેદાન પર જ હેલ્મેટ અને ગ્લવ્ઝ ફેંકી દીધા હતા. 231 રને 3 વિકેટની મજબૂત સ્થિતિમાં રહેલું પાકિસ્તાન આ આંચકા બાદ વિખેરાઈ ગયું અને રિઝવાન (44) પણ તરત આઉટ થઈ ગયો. અંતે સમગ્ર પાકિસ્તાની ટીમ 274 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

રમીઝ રાજાએ ખેલ ભાવના પર ઉઠાવ્યા સવાલ

મેચ દરમિયાન કોમેન્ટ્રી કરી રહેલા પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન રમીઝ રાજાએ મિરાજની ખેલ ભાવના પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, 'જ્યાં સુધી નિયમનો સવાલ છે ત્યાં સુધી તે આઉટ છે, પરંતુ મને ડર છે કે ખેલ ભાવનાને અહીં મોટો ફટકો પડ્યો છે.'

સુડોકુ ૭૪૭૦ - 'કૂટિ'

૧	૨	૬		૪		૮	૫	
૫	૩				૨	૬	૯	
		૮		૫	૬			
૬		૯	૪	૧	૮		૨	૩
		૫		૭	૯	૧	૬	૮
૮	૧	૩	૨		૫		૪	૯
		૨	૫		૪	૩	૧	૬
૩		૪	૮	૨	૧	૯		
૯				૩	૭			૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૧	૩	૬	૩	૬	૫	૭
૫	૩	૭	૬	૨	૭	૧	૩	૬
૬	૬	૬	૧	૩	૨	૭	૭	૫
૭	૧	૫	૬	૭	૬	૫	૧	૨
૬	૨	૭	૫	૬	૧	૩	૭	૬
૭	૩	૬	૭	૩	૬	૫	૧	૨
૬	૨	૫	૭	૬	૧	૭	૭	૩
૬	૬	૨	૩	૭	૭	૧	૬	૫
૭	૫	૩	૨	૭	૬	૬	૭	૧

૦૭૨૩-૭૬૧૧ કૌંડિન્ય

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ખરજવું

ત્વચા સ્વચ્છ રાખો. નાળિયેરની કાચલી વાસણ મા બાળો. ઉપર પાણી ભરેલી થાળી રાખો. ધુમાડો ઠરી, તૈલી મેશ જામે છે. એ મેશ ભેગી કરી રાખો. રૂ થી લગાડો.

અનુસંધાન... પાના પહેલાનું

દુબઈના આર્થિક હબમાં...

મોત થયા હોવાનું ઓમાન ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું. વ્યાપાર અને પ્રવાસન હબ ગણાતા દુબઈમાં, એક ઔદ્યોગિક વિસ્તારમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, ડ્રોનને હવામાં તોડી પાડ્યા બાદ તેના કાટમાળને કારણે આ આગ લાગી હતી.

દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર (DIFC) ની એક ઈમારતને પણ નુકસાન થયું હતું જ્યારે તે સફળ ઈન્ટરસેપ્શનમાં કાટમાળ સાથે અથડાઈ હતી. DIFC એ બેંકો, મૂડી બજારના વેપારીઓ અને સંપત્તિ પ્રબંધકો માટેનું એક આર્થિક ફ્રી ઝોન છે, જ્યાં વૈભવી રેસ્ટોરન્ટ્સ અને નાઈટક્લબ્સ પણ આવેલા છે.

ઓમાનમાં ડ્રોન હુમલો...

200 કિમી દૂર આવેલા સોહારમાં બે માનવરહિત ડ્રોન (UAV) ત્રાટક્યા હતા. જેમાંથી એક ડ્રોન સીધું ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં પડ્યું હતું. આ હુમલામાં બે ભારતીયોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય 10 ભારતીયો ઘાયલ થયા છે. ઘાયલો પૈકી 5ને સારવાર બાદ રજા આપવામાં આવી છે, જ્યારે અન્ય 5 સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેઓ ખતરાની બહાર હોવાનું જાણવા મળ્યું છે.

અફઘાન-પાક વચ્ચે...

પાકિસ્તાનના સરકારી ટેલિવિઝને અહેવાલ આપ્યો હતો કે દેશના સશસ્ત્ર દળોએ ચાલુ ઓપરેશનના ભાગરૂપે અફઘાનિસ્તાનની અંદર સફળ હવાઈ હુમલા કર્યા છે, જેમાં અફઘાનિસ્તાનમાં આવેલા કથિત આતંકવાદીઓના ચાર ઠેકાણાઓ અને તેમના સહાયક માળખાને નિશાન બનાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. આ ઘટનાક્રમ બંને દેશો વચ્ચેના તણાવમાં થયેલા નાટકીય વધારા વચ્ચે સામે આવ્યો છે, જેને પાકિસ્તાને ખુલ્લું યુદ્ધ ગણાવ્યું છે. બંને દેશો વચ્ચેની લડાઈ ત્રીજા સપ્તાહમાં પ્રવેશી છે.

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે અફઘાન વાયુસેનાએ શુક્રવારે પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં હવાઈ હુમલો કર્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી પાકિસ્તાની સેના દ્વારા ગઈકાલે રાત્રે કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે કોહાટ વિસ્તારમાં પાકિસ્તાની સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ સાથે જ સૈન્ય કિલ્લા પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, આ હુમલામાં કોઈના મોત કે ઘાયલ થવાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ટીટીપીના ત્રાસવાદીઓને અફઘાનમાં આશ્રય અપાતો હોવનો આક્ષેપ કરે છે, જે આક્ષેપ તાલિબાન સરકાર નકારે છે.

માસિક ધર્મ રજા...

માલિક વિશે પણ વિચારો કે જેણે ચાલુ પગારે રજા આપવાની હોય છે.

અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ શમશાદે જણાવ્યું હતું કે કર્ણાટક સરકારે આ અંગે નીતિ બનાવી છે અને કેટલીક ખાનગી સંસ્થાઓ પણ સ્વેચ્છાએ આ સુવિધા આપી રહી છે. તેના પર CJI એ કહ્યું કે, જો તેઓ સ્વેચ્છાએ આપી રહ્યા હોય તો તે ખૂબ સારી બાબત છે. પરંતુ જે ક્ષણે તમે તેને કાયદામાં ફરજિયાત શરત તરીકે દાખલ કરો છો, ત્યારે તમને ખબર નથી હોતી કે તે મહિલાઓની કારકિર્દીને કેટલું નુકસાન પહોંચાડશે. આ અરજી શૈલેન્દ્ર મણી ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવી હતી. ખંડપીઠે અરજદારની યોગ્યતા પર સવાલ ઉઠાવતા નોંધ્યું હતું કે કોઈ પણ મહિલાએ પોતે કોર્ટનો સંપર્ક કર્યો નથી. આ મુદ્દે ત્રિપાઠીની આ ત્રીજી અરજી હતી. ખંડપીઠે શરૂઆતમાં જ કડક શબ્દોમાં કહ્યું હતું કે, આ અરજીઓ માત્ર એવી છાપ ઊભી કરવા માટે છે કે યુવાન મહિલાઓમાં હજુ પણ કેટલીક કુદરતી સમસ્યાઓ છે અને તેઓ ચોક્કસ સમયે પુરુષોની જેમ કામ કરી શકતી નથી.

ઈન્ડિગો પણ...

સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ જાહેરાત કરી છે કે તે 14 માર્ચ (આજ મધરાત)થી તમામ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર 425 થી લઈને 2,300 સુધીનો ફ્યુઅલ ચાર્જ વસૂલશે. એર ઈન્ડિયા દ્વારા ભાવવધારો કર્યાના ત્રણ દિવસ બાદ ઈન્ડિગોએ પણ આ નિર્ણય લીધો છે.

એરલાઈન્સના જણાવ્યા મુજબ, વિમાનના ઈંધણના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે આ પગલું ભરવું પડ્યું છે. ઉલ્લેખનીય છે કે, કોઈપણ એરલાઈનના કુલ ઓપરેશનલ ખર્ચમાં ઈંધણનો હિસ્સો લગભગ 40% જેટલો હોય છે. કંપનીએ જણાવ્યું કે, જોકે ઈંધણના ભાવમાં થયેલા વધારાની સરખામણીએ આ ચાર્જ ઓછો છે, પરંતુ ગ્રાહકો પર વધારાનો બોજ ન પડે તે રીતે એડજસ્ટમેન્ટ કરવામાં આવ્યું છે.

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે 12 માર્ચથી જ 399 નો ફ્યુઅલ ચાર્જ લાગુ કરી દીધો છે. જોકે, સ્પાઈસજેટ અને અકાસા એર જેવી કંપનીઓએ હજુ સુધી કોઈ સત્તાવાર ભાવવધારાની જાહેરાત કરી નથી. 14 માર્ચના રોજ 00:01 કલાકથી થતા તમામ નવા બુકિંગમાં ઈન્ડિગો આ ચાર્જ વસૂલશે.

આજનું પંચાંગ

તા. 14/03/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિ: વદ: દસમ:- 08:12 પછી અગિયારસ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 23
નક્ષત્ર : ઊ.ષા.: 28:50
યોગ : વરિયાન **કરણ:** બવ
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 09:33 પછી મકર (ખ,જ)
દિવસ : સામાન્ય- બુધપૂર્વોદય- સૂર્યમીનમાં:-25:03 થી મીનાર્કમૂર્તા પ્રારંભ
સુરતમાં સૂર્યોદય : 06:50 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:46
નવકારસી : 07:38
પારસી વર્ષ : 1395 આવાં માસનો 02જો રોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 24મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ: સવારે: 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): શુભ સમાચાર મળે. નોકરીમાં નવા ફેરફારથી રાહત થાય. ધંધામાં આવક વધે. સમાજમાં યશ.
વૃષભ (બ,વ,ઉ,): ગુપ્ત ભય સતાવે. આરોગ્ય નરમ રહે. વિદેશના કામ થાય. જીવનસાથીના કામમાં મદદરૂપ બનશો.
મિથુન (ક,છ,ઘ,): વિવાહની વાત આગળ વધે. નવી નોકરીના યોગ બને. રોજની આવક વધે. ભાગીદારીનાં કામ થાય.
કર્ક (ડ,હ,): લેવડ-દેવડમાં સાવધાન અચાનક નવી જવાબદારી આવશે. રોજના કામમાં મદદ મળે. આવક વધશે.
સિંહ (મ,ટ,): વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમમાં સાથ મળે. સંતાનોનાં કામ થાય. નોકરીમાં ઊપરી વર્ગનો સાથ મળે.
કન્યા (પ,ઠ,ણ,): નવા ઘર વાહન બાબતે પ્રગતિ, પ્રેમમાં સાથ મળે, વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
તુલા (ર,ત,): દલાલી, ભાડા વગેરેની આવક વધશે. નોકરીમાં જવાબદારી વધે. ઘરમાં નવા ફેરફાર થાય.
વૃશ્ચિક (ન,ય,): ઉદ્યરાણી આવે. ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. ઘરમાં અશાંતિ અને આર્થિક ભીંસ વધશે.
ધન (ભ,ધ,ફ,ઢ,): આત્મવિશ્વાસ વધે. પરિવારનાં કામની ચિંતા સતાવે. સમાજ-જાહેર જીવનમાં યશ મળે. આવક વધશે.
મકર (ખ,જ,): પ્રવાસમાં સાવધાન રહેવું. ધાર્મિક પ્રવાસ સાહિત્ય વગેરેના કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધે.
કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રોની મદદથી સામાજિક કામ પાર પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. પ્રેમમાં સાથ મળે.
મીન (દ,ચ,ઝ,થ,): ધંધામાં આવક વધે. નોકરીમાં નવા ફેરફાર થાય. જાહેર જીવનમાં માન મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 14 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં પ્રગતિની સાથ ટેકનોલોજી અને સરકારી નીતિઓનો પ્રભાવ દોડ-ધામ અને કામનોબોજ વધારે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉધરાણીની ચિંતા સતાવે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. કાયદા, સમાજ, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલો મદદરૂપ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5, 14, 23 તારીખે નવા કામ કરી શકાય. લીલા રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઉપયોગમાં લેવો નહી.